ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# આઈપીએલ સ્પોટ ફીકસીંગમાં ગાંધીનગર કનેક્શન...!

## દિલ્હી પોલીસે કરેલા ફીકસીંગ કાંડના પર્દાફાશમાં ગાંધીનગરના ખેલાડીનો પણ સમાવેશ : સેન્ટ ઝેવિયર્સમાં ભણી ચુકેલો અને ગાંધીનગરની ટીમમાંથી રમતા ઓલ રાઉન્ડર ઝીજુ જનાર્દનનું નામ મેચ ફીકસીંગમાં ખુલ્લુ : કેરળ ગયા બાદ શ્રીસંતના સંપર્કમાં આવ્યો હતો

**(વિપુલ ચૌહાણ)** ગાંધીનગર, તા. ૧૬

આઈપીએલ ક્રિકેટ મેચ પર સ્પોટ ફિકસીંગ કાંડનો સૌથી મોટો ઘટસ્ફોટ આજે દિલ્હી પોલીસે કર્યો છે. આઈ.પી.એલ. મેચ બુકીઓ અને સટ્ટાબાજી માટે જ ચાલતી હોય તેવું દિલ્હી પોલીસે ઝડપેલા ફિકસીંગ કાંડ પરથી સ્પષ્ટપણે કહી શકાય તેમ છે. આઈપીએલ સ્પોર્ટ ફીકસીંગ કાંડમાં ગાંધીનગર કનેક્શન બહાર આવવા પામ્યું છે. બુકીઓ કમ ફિક્સરો મળીને પોલીસે ઝડપી પાડેલા ૧૧ પૈકી એક ગાંધીનગરના પૂર્વ ખેલાડીનો સમાવેશ થાય છે. જે સેન્ટ ઝેવિયર્સમાં અભ્યાસ કરી ચુક્યો છે. અને અન્ડર ૧૬, ૧૯ અને અન્ડર ૨૨ની ગાંધીનગર જિલ્લાની ટીમમાં રમી ચુક્યો છે. ત્રણેક વર્ષ પહેલા ગુજરાત ક્રિકેટ એસોસીએશનમાંથી એનઓસી લઈને કેરળ ગયા બાદ ક્રિકેટર શ્રીસંતના સંપર્કમાં ગાંધીનગરનો ખેલાડી ઝીજુ જનાર્દન આવ્યો હતો. શ્રીસંત એ સમગ્ર ફિકસીંગ કાંડનો મુખ્ય સુત્રધાર મનાય છે.



મળતી માહિતી મુજબ દિલ્હી પોલીસે આઈપીએલ ૨૦-૨૦ ક્રિકેટ મેચમાં થતાં સ્પોટ ફીકસીંગનો સૌથી મોટો ઘટસ્ફોટ કરીને આઈપીએલ ક્રિકેટ મેચ તથઆ ક્રિકેટર્સ સહિત બુકી ઓને ફિક્સરોને ખુલ્લા પાડ્યા છે. ક્રિકેટર્સ, બુકીઓ અને ફિક્સરો મળીને ૧૧ ની ધરપકડ કરવામાં આવી છે. જેમાં ગાંધીનગરની ભુમિ પર ક્રિકેટ મેચ શીખીને એક ઓલ રાઉન્ડર ખેલાડી બનનાર ઝીઝુ જનાર્દન નામના ઉભરતા યુવાન ખેલાડીનો પણ સમાવેશ થાય છે. આમ આઈપીએલ સ્પોર્ટ ફીકસીંગ કાંડમાં રાજ્યના પાટનગર ગાંધીનગર સુધીનું કનેક્શન બહાર આવ્યું છે.

ગાંધીનગર શહેરની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ઝીઝુ જનાર્દન અભ્યાસ કરતો હતો. તેના પિતા એરફોર્સમાં ઓફીસર છે. ઝીઝુ જનાર્દન ગાંધીનગરની ક્રિકેટ ટીમમાંથી અન્ડર-૧૬, અન્ડર-૧૯ અને અન્ડર-૨૨ રમી ચુકેલો છે. અન્ડર-૧૬ અને અન્ડર-૧૯ની ગુજરાતની ટીમમાં પણ જનાર્દન સિલેક્ટ થયેલો હતો અને મેચ રમ્યો હતો. ત્રણેક વર્ષ અગાઉ જી.સી.એ. (ગુજરાત ક્રિકેટ એસોસીએસન)માંથી એનઓસી લઈને જનાર્દન ગાંધીનગરને વિદાય આપી હતી અને કેરળ પહોંચ્યા બાદ ત્યાં ક્રિકેટ મેચ શરૂ કરી હતી. જર્નાદનની રોમાંચક રમત જોઈને કેરળમાં ક્રિકેટર શ્રીસંતે તેને લીફ્ટ કર્યો અને ત્યારથી જનાર્દન અને શ્રીસંત સંપર્કમાં આવ્યા હતા. ગાંધીનગરના મેદાનમાં ભલભલા ક્રિકેટરને હંફાવીને ગુજરાતની ટીમમાં સિલેક્ટ થઈને ગાંધીનગર સહિત ગુજરાતનું નામ રોશન કરનાર જનાર્દન કેરલમાં થઈને ફીકસીંગના ચક્કરમાં કેવી રીતે ફસાયો તે પ્રશ્ન હજુ પણ ગાંધીનગરના રમત જગતને મુંઝવી રહ્યો છે. શ્રીસંત કે જેનું નામ મેચ ફિકસીંગમાં ટોપ પર છે તેના સંપર્કમાં આવ્યા બાદ જનાર્દનની બેટીંગ સિવાયની ફિકસીંગ કારકિર્દી શરૂ થઈ હોવાનું મનાઈ રહ્યું છે.

# આજે મનપાની સ્ટેન્ડીંગ સમિતિના ચેરમેનની વરણી

## નવરચિત સ્ટેન્ડીંગ કમિટિમાં ભાજપના સાત અને કોંગ્રેસના પાંચ સભ્યો છે : ભાજપના ચેરમેનની નિશ્ચિત મનાતી વરણી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની નવરચિત સ્ટેન્ડીંગ કમિટીની પ્રથમ બેઠક મળશે જેમાં નવા ચેરમેનની નિયુક્તીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

સ્ટેન્ડીંગ કમિટીમાંથી ચેરમેન શ્રી પ્રવિણ પટેલ સહિત છ સભ્યો નિવૃત્ત થતાં તે અંગે યોજાયેલી ચૂંટણીનું પરિણામ ૧૪મીએ જાહેર થયું હતું.

આજે બપોરે બાર વાગે આ પ્રથમ બેઠક મળશે. સ્ટેન્ડીંગ કમિટીમાં હાલ ૧૨ સભ્યો છે જે પૈકી સાત સભ્યો ભાજપના છે અને પાંચ સભ્યો કોંગ્રેસના છે.

ચેરમેન પદ માટે બન્ને પક્ષ દ્વારા ઉમેદવારી કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે. જો કે બન્ને પક્ષોએ ઉમેદવારની પસંદગી અંગે સભ્યોને બેઠક અગાઉ જ જાણ કરવામાં આવશે તેવી રણનીતિ અપનાવી છે.

બે વર્ષ બાદ કોંગ્રેસ પક્ષે સ્થાયી સમિતિ પરથી તેનું પ્રભુત્વ ગુમાવ્યું છે. મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓએ કરેલા પક્ષાંતરને લઈ ભાજપે સ્થાયી સમિતિ પર કબ્જો જમાવ્યો છે. આજે તે વિધિવત્ રીતે સત્તાના સૂત્રો સંભાળશે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હાલ માત્ર સફાઈની સેવાઓ જ રાજ્ય સરકારે ફાળવી છે. અન્ય સેવાઓ માટે સરકાર સામે મેયરશ્રી રાણાએ ગુજરાતની વડી અદાલતમાં દાદ માંગી છે. પાણીની સેવાઓ સોંપવા માટે સરકારે પત્ર લખ્યો હતો પરંતુ સામાન્ય સભામાં તે દરખાસ્ત નિર્ણય વિના મુલત્વી રાખવામાં આવી હતી.

# ગાંધીનગરમાં હીટવેવ : ૪૨.૮ ડીગ્રી

## દિમાગને સુન્ન કરી દેતી ગરમીથી દિવસે સૂનકાર : ગરમીનો પારો ૦.૩ ડીગ્રી ઉંચકાયો નાગરિકો બેહાલ





(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૧૬

અંગ દઝાડતા સૂર્યના તેજ કીરણોના લીધે શહેરનું જનજીવન ગરમીથી સુન્ન થઈ ગયું છે. આક્રમક ગરમીએ શહેરને બાનમાં લેતા નગરજનો બેબાકળા બની ગયા છે. ખુલ્લા આકાશમાંથી વરસતા અગનગોળાને શહેરીજનોને ઘરમાં પુરાવા મજબૂર કર્યા છે. કાળઝાળ ગરમીની વિપરિત અસરથી શહેરનું જનજીવન પ્રભાવિત થયું છે. છેલ્લા બે-ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીને પાર કરી જતા દિવસે ફુંકાતી ગરમ લૂ ના લીધે નગરજનો હીટવેવથી ગુંગળાઈ રહ્યા છે. આજે પણ ગરમીનો પારો ૦.૩ ડીગ્રી ઉંચકાતા શહેરમાં દિવસ દરમિયાન માર્ગો પર સૂનકાર જોવા મળ્યો હતો.

હરિયાળા ગાંધીનગરમાં ઉનાળો આકરો બનતા કર્મચારીવર્ગ સહીત વેપારીઓ પણ ગરમીથી બેહાલ બન્યા છે. ઓફીસો અને બજારમાં ગરમીની સીધી અસર વર્તાઈ રહી છે. રોજબરોજ ઉંચકાતા ગરમીના પારાના લીધે શહેરનું જનજીવન કરમાઈ ગયું છે. દિવસ દરમિયાન નાગરિકો કામ સિવાય ઘરની બહાર ન નિકળતા શહેરના માર્ગો ઉપર પણ સન્નાટો છવાયેલો જોવા મળે છે. એ.સી. અને એરકુલરોના ધમધમાટ વચ્ચે ગરમીથી બચવા સામાન્ય માણસો ઘરેલુ નુસખા અજમાવી રહ્યા છે. ગરમીના તીખા તેવરના લીધે એ.સી.નું બજાર પણ હોટ બન્યું છે. જ્યારે આકરી ગરમીના લીધે અમુક પરિવારોએ પ્રવાસ કાર્યક્રમો પણ કેન્સલ કર્યા છે. આકાશમાંથી વરસતા અંગારાએ આમ આદમીની સાથે શ્રમિકોની હાલત પણ કફોડી બનાવી દીધી છે. પેટીયુ રળતા ગરમીમાં પરસેવે નીતરતા શ્રમિકો વૃક્ષોનો છાંયો શોધી બે ઘડી વિસામો ખાતા નજરે પડે છે. બપોરના સમયે સૂમસામ બજારો અને

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૭માં ૪૦ કિલો કેરીનો જથ્થાનો નાશ કરાયો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ટાસ્ક ફોર્સની ટીમ આજે સે. ૭માં ત્રાટકી હતી અને સડેલા ફળોનો નાશ કર્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ ટાસ્ક ફોર્સની ટીમે આજે ત્રાટકી અને ૪૦ કિલો જેટલી કેરીનો જથ્થો કબ્જે લીધો હતો જે કાર્બાઈડની પડીકીઓ રાખી વેચાણ કરવામાં આવતી હતી. ટીમે વેપારી પાસેથી એક કિલો જેટલુ વજન ધરાવતી કાર્બાઈડની પડીકીઓ પણ કબ્જે લીધી હતી.

ટીમે પાણીપુરીની લારીમાં સડેલા બટાકા ૧૦ કિલો જેટલા જણાતાં તેનો પણ નાશ કરાવ્યો હતો.

ટીમે આજે વેપારીઓ પાસેથી રૂ. ૭૦૦ જેટલા વહીવટીય ચાર્જ વસુલી પણ કરી હતી.

મહાનગરપાલિકાની ટાસ્ક ફોર્સની ટીમ હરકતમાં આવતાં જ અખાદ્ય વસ્તુઓનો જાહેરમાં વેપાર કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

મનપાના આરોગ્ય તંત્રએ પણ સ્વચ્છતાના મુદ્દે કડક વલણ અખત્યાર કરવા માટેનું મન બનાવી લીધુ છે. તેણે પ્રથમ તબક્કામાં જ ૨૦ જેટલા કોલા ધારકોને નોટીસ ફટકારી છે.

# ઈન્ફોસીટી સંકુલની ઝાડીઓમાં એકાએક આગ : દુર્ઘટના ટળી

## ડી.જી. વિભાગની બાજુમાં જ આગ ભભુકી ઉઠતા દોડધામ મચી ગઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના ઈન્ફોસીટીના તમામ ટાવરનું ઈલેક્ટ્રોનીકલ કંટ્રોલીંગ જ્યાંથી થાય છે તેવા ડીઝલ જનરેટર (ડી.જી.) વિભાગની બાજુમાં જ ઝાડીઓમાં એકાએક આજે બપોરે આગ લાગતા ઈન્ફોસીટી સ્ટાફ દોડતો થઈ ગયો હતો. સ્ટાફ દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવામાં આવતા લાખો રૂપિયાના મશીનોને નુકશાન થતા બચી ગયું હતું.

● અનુસંધાન પાન-૭ પર

# મહાત્મા મંદિર ફેઝ-૨ બી માટે રૂ. ૧૫૦ કરોડ ખર્ચાશે

## મ્યુઝિયમ સ્ટ્રક્ચર, કેબલ સ્ટેઈડ બ્રિજનું નિર્માણ થશે : પવનચક્કીથી વીજ પાવર જનરેટ કરી સર્વિસ ચલાવાશે

ગાંધીનગર, તા. ૧૬

મહાત્મા મંદિરના પ્રોજેક્ટને અનુલક્ષી ફેઝ-૨ બી ની કાર્યયોજના પાછળ રૂ. ૧૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ફેઝ-બી નું કામ હવે શરૂ થશે. જે અન્વયે સોલ્ટ માઉન્ટની આઉટરસાઈડ મ્યુઝિયમનું સ્ટ્રક્ચર બનાવાશે જ્યારે સોલ્ટ માઉન્ટથી કન્વેશન સેન્ટર વચ્ચે કેબલ સ્ટેઈડ બ્રિજનું નિર્માણ કરાશે. આ વિસ્તારમાં પવનચક્કી પણ મુકાશે. જેના આધારે જનરેટ થતા પાવરથી અમુક સર્વિસ કાર્યરત રહેશે.

શહેરના મુખ્ય વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમપાર્કથી આગળ ખ-માર્ગ નજીક નિર્માણ પામતા મહાત્મા મંદિરના પ્રોજેક્ટને અનુલક્ષી હાલ ફેઝ-૨નું કામ ચાલી રહ્યું છે. જેમાં સોલ્ટ માઉન્ટ, આઉટર માઉન્ટ, તેમજ એક્સર્ટનલ માઉન્ટ સહિત ફરતે વોટરબોડીનું નિર્માણ કરાશે. આ ઉપરાંત ખ-માર્ગને કર્વેચર આપવાનું કામ પણ હાથ ધરાયું છે. ગાંધી ગાર્ડનને અનુલક્ષી આર્ટ ઈન્સ્ટોલેશન માટે ૭૯ ભાગને જુદા તારવવામાં આવ્યા છે. જેમાં ગાંધીજીના જીવનસંદેશ વર્ણવતી કલાત્મક આર્ટનું ઈન્સ્ટોલેશન કરાશે. જ્યારે હાલ ગ્રીનસ્કેપ તેમજ દિવાઓનું કામ પણ ચાલુ છે. આ ઉપરાંત એમ.પી. થિયેટર, યુટીલીટી બ્લોક બનાવવા માટે પણ ગાંધી ગાર્ડનમાં કામગીરી ચાલી રહી છે. સમગ્ર વિસ્તારને અનુલક્ષી પાર્કીંગ પણ બનાવી દેવાયું છે. જ્યારે હવે મહાત્મા મંદિરના પ્રોજેક્ટને ધ્યાને લઈ હવે ફેઝ-૨ બી નું આયોજન પણ કરી દેવાયું છે. ફેઝ-૨બી અન્વયે સોલ્ટ માઉન્ટના આઉટર માઉન્ટ વિસ્તારમાં મ્યુઝિયમ સ્ટ્રક્ચર બનાવાશે. જ્યારે ઈન્વેયશન સેન્ટરથી માઉન્ટ સુધી 'કેબલ સ્ટેઈડ બ્રિજ'નું નિર્માણ કરાશે. આ વિસ્તારમાં ઈલેક્ટ્રીસીટીની જરૂરીયાત સંતોષવા પવનચક્કી મુકાશે. પવનચક્કીથી જનરેટ થતા પાવરના આધારે અમુક ઈલેક્ટ્રીક સેવા કાર્યરત રહે તેવું આયોજન પણ કરવામાં આવ્યું છે.




(તસવીર : દિપક જાની)






ફ્લેટ ભાડે આપવાનો છે
પ્રથમ માળ : 3BHK
૧. બી-૧૦૨, સુકન વિલાસ, ખ-૦ પાસે, સરગાસણ
૨. બી-૧૦૩, કાનમ રેસીડેન્સી-૧
સંપર્ક : ૯૮૨૫૦૯૫૧૪૨ ૯૮૨૫૦૯૫૧૪૦

Gujarat State Petronet Limited
THE ENERGY LIFELINE OF GUJARAT
Regd office: GSPC Bhavan, Sector-11, Gandhinagar-382 010.
Pursuant to Clause 19 & 41 of the Listing Agreement, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 27th May, 2013, at the registered office of the Company, inter-alia to consider the Audited Financial Results of the Company for the quarter and year ended 31st March, 2013 and to recommend dividend, if any, for the financial year 2012 - 2013.
For Gujarat State Petronet Limited
sd/-
Place: Gandhinagar
Date: 16th May, 2013
Deputy General Manager (S&L)

સાળંગપુર હનુમાન દાદાના મંદિરની
અખંડ જ્યોત ગાંધીનગરમાં







હનુમાન દાદાના ભક્તોની લાગણીને માન આપી સાળંગપુર હનુમાન મંદિરની અખંડ જ્યોત સેક્ટર-૩૦, ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં લાવવામાં આવી છે. સંકટ-મોચન ઝુલેશ્વર હનુમાન દાદાના મંદિરમાં પ્રસ્થાપિત કરવામાં આવી છે. ગાંધીનગરની ધર્મપ્રિય જનતાને પાવન અખંડ-જ્યોતના દર્શન કરી ધન્ય થવા વિનંતી છે.
લાલચંદ સી. ગોપાલાણી
પ્રમુખ, સિંધી પંચાયત, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

અલ્ટ્રાટેક
VIRAT TMT BARS
UTKARSH
શ્રી વૈષ્ણી ટ્રેડર્સ


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com